# રૂપાલ મતદાન મથકે પોલીસ અને ગ્રામજનો વચ્ચે હોબાળો

## ઉચ્ચ અધિકારીઓ પહોંચતા મામલો થાળે પડ્યો



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે થઈ મતદાન મથકે હોબાળો થયો હતો. ઉમેદવારના સમર્થકો અને ભાઈ વારંવાર અવરજવર કરતાં હોવાની ફરિયાદ એક યુવક સહિતના કેટલાક નાગરીકોએ પોલીસના જવાનોને કરી હતી. જોકે પોલીસે યોગ્ય રીતે રજૂઆત સાંભળી ન હોવાનું લાગતાં યુવકે મહિલા પોલીસ કર્મચારી બેસી રહ્યાં હોય તેવો વીડિયો ઉતાર્યો હતો. જેને પગલે પોલીસ અને યુવક વચ્ચે રકઝક થઈ હતી. જેને પગલે યુવક તાત્કાલિક બહાર દોડ્યો હતો અને પોલીસ તેની પાછળ દોડી હતી. યુવક ગાડીમાં બેસી જતા પોલીસે ગાડીને ઘેરીવળ્યા હતા. આ સમયે ડીવાયએસપી સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો

# સે-૨૦ સરકારી પ્રાથમિક શાળાના સંકુલમાં જાહેરમાં કચરો સળગાવી પ્રદુષણ વધાર્યું

## જાહેરમાં કચરો સળગાવાની મનાઇ છે ત્યારે પ્રદુષણ કરતા ચોકીદારને પર્યારણ પ્રેમીએ ટકોર કરી અટકાવ્યો

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે વૃક્ષછેદનની પ્રવૃતિ વધી રહી છે. વિકાસના નામે વૃક્ષોની કટોતી થાય છે ત્યારે બીજીતરફ જાહેરમાં કચરો સળગાવી વાતાવરણને પ્રદુષિત કરવા સહીત હરિયાળી સામે પણ ખતરો ઉભા કરતા તત્વો સામે પર્યવારણ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે. હાલ પાનખરમાં સુકાયેલા પાંદડાઓનો ઢગ ચોમેર ખડકાયેલો છે ત્યારે સે-૨૦ ની સરાકરી પ્રાથમિક શાળાના સંકુલમાં ચોકીદારે આજે જાહેરમાં કચરો સળગાવી હરિયાળા વૃક્ષોને પણ નુકશાન પહોંચાડતા સ્થળ પરથી પસાર થતા એક પર્યાવરણ પ્રેમીએ તેમને અટકાવ્યા હતા. જાહેરમાં કચરો સળગાવવા પર મનાઈ છે ત્યારે વારંવાર આ પ્રકારના દ્રશ્યો આંખ સામે આવે છે.

ગાંધીનગરના સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળે છે. એકબાજુ હરિયાળા વૃક્ષોની કટોતી ન થાય તે માટે પર્યાવરણ પ્રેમીઓ જાગૃત બન્યા છે. વિકાસના નામે કપાતા વૃક્ષોને બચાવવા આંદોલન થાય છે. ત્યારે નગરમાં પર્યાવરણને નુકશાન પહોંચાડી હવાનુ પ્રદુષણ વધારતા તત્વો સામે પણ સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. નગરમાં જાહેરમાં કચરો સળગાવવા પર મનાઈ છે. ત્યારે વન આરક્ષિત વિસ્તારમાં પણ ઘણીવાર જાહેરમાં વૃક્ષોના સુકા પાનમાં આગ ચાંપવામાં આવે છે. જેના લીધે હરિયાળા વૃક્ષોને નુકશાન થાય છે અને પ્રદુષણની માત્રા પણ વધે છે. આજે નગરની ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસે સ્થિત સે-૨૦ની પ્રાથમિક શાળાના સંકુલમાં ખડકાયેલા કચરાનો ઢગ જાહેરમાં સળગાવી પ્રદુષણ કરાતા પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ ભભુકયો હતો. પ્રાથમિક શાળના પટાંગણમાં પાનખરમાં વૃક્ષો પરથી ખરેલા પાંદડાઓનો ઢગ ખડકાયો હતો. જયારે શાળાના ચોકીદારે આ સુકા પાંદડાઓના કચરાના ઢગને સળગાવી દેતા આસપાસ સ્થિત હરિયાળા વૃક્ષોને પણ નુકશાન થયુ હતુ. આ દરમિયાન પસાર થતા પ્રકૃતિ પ્રેમી રઘુભાઈ દેસાઈએ તેમને ટકોર કરી કચરો સળગાવતા પણ અટકાવ્યા હતા. જયારે આ ઘટનાનો વિડીયો લઈ નગરના પર્યાવરણ પ્રેમીઓને પણ આવી હરકત ન થાય તે માટે જાગૃત કરાયા હતા. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં શ્રમિકો તેમજ અન્ય રહીશો આ પ્રકારે ઘણીવાર કચરો સળગાવતા હોય છે. ત્યારે વનતંત્ર દ્વારા આ મામલે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે. ત્યારે શહેરમાં સ્થિત સરકારી સંકુલોમાં પણ નિયમોનો ભંગ થઈ રહ્યો છે. જાહેરમાં કચરો સળગાવી પ્રકૃતિ અને પર્યાવરણને નુકશાન પહાંચાડવાની આવી હરકત સામે કડક પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.





ઉનાળાનો પ્રારંભ થયો છે ત્યારે વૃક્ષો પરથી પાંદડા સતત ખરી રહ્યા છે. વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં નજર કરો તો સુકાં પાંદડાઓની પીળી ચાદર જોવા મળી રહી છે. ગ રોડ પર સુકા પાંદડાઓને કોઈ શખ્સે આગ ચાંપી દેતા ખૂબ ધુમાડો ફેલાયો હતો. આ વિસ્તારમાં વાયુ પ્રદુષણ ફેલાયું હતું.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ગ્રામીણ વિસ્તારોમાં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે કોરોનાના કેસોની સંખ્યા સમાન નોંધાઈ છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના માહોલ વચ્ચે ટ્રાફિક દિવસ દરમ્યાન શાંત લાગતો હતો પરંતુ સાંજે તે ભરચક બન્યો હતો.
- ગ્રામીણ વિસ્તારોમાં મતદારોને રિક્ષામાં અને અન્ય વાહનોમાં બન્ને મુખ્ય પક્ષના સમર્થકો લઈ આવતા નજરે પડતા હતા.
- જિલ્લામાં ગરમીનો માહોલ હોવા છતાં બપોરના સમયે પણ મતદારોમાં ઉત્સાહની ઓટ આવી ન હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ઘણા બધા સેક્ટરોમાં લગ્નના ઢોલ ઢબુકતા સાંભળવા મળ્યા હતા.

# મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા ઓનલાઈન હિન્દી કવિ સંમેલન યોજાયું

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરની મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા દ્વારા બિહાર ઈકાઈ પર તા.૨૭મી ફેબ્રુઆરીના રોજ સંત રવિદાસ જયંતી નિમિતે હિન્દી ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન સંત રવિદાસ મહાપીઠના આંતરરાષ્ટ્રીય મહામંત્રી અને રાજયના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના પૂર્વ મંત્રી આત્મારામ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય મહાપીઠ ગુજરાતના અધ્યક્ષ આર એમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રભુજી તુમ ચંદન હમ પાની ગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમમાં ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદના અધ્યક્ષ શૈલેષ વાણિયા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ તથા બિહાર ઈકાઈના અધ્યક્ષ ડૉ મીના પરિહાર દ્વારા અતિથિઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૭૦ કવિઓએ ઉપસ્થિત રહી સંત શિરોમણિ રવિદાસજી વિશે કવિતાઓ પ્રસ્તુત કરી હતી. સમાપને કોષાધ્યક્ષ એડવોકેટ કાંતિભાઈપટેલ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાદરા ખાતે આયુર્વેદિક ઉકાળાનુ વિતરણ

ગાંધીનગર, તા. ૨૮

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયુર્વેદિક સંસ્થા દોલારા વાસણા અને મેડિકલ ઓફિસર ડો. નૈનેશભાઈ વસાવાના માર્ગદર્શન હેઠળની આયુર્વેદિક ઉકાળાનુ વિતરણ કરવામાં આવ્યું. જેમાં ડીન જગદીશચંદ્ર સાવલિઆ, ગૃહપતિ ભરતભાઈ પટેલ, ગૃહમાતા સૂર્યાબહેન ભગોરા અને અધ્યાપક ડો. અરવિંદભાઈ રામીની વિશેષ ભૂમિકા રહેલી હતી. રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો દ્વારા આયુર્વેદિક ઉકાળાનો આ બીજો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ પેહલા પણ સ્વયં સેવકો દ્વારા બધાજ વિદ્યાર્થીઓ અને સેવકોને આયુર્વેદિક ઉકાળા આપવામાં આવ્યું હતું, જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવક હસ્તી વેગડ, જીનાલી મોતાં, એલિસ ક્રિશ્ચિયન, ગૌરવ બાલ્યાણ, રિદ્ધિ ચૌધરી, જસ્મિન ઠાકોર, કિર્તિ ચૌધરી, પ્રકાશ મૂલચંદાની અને મિન્હાજ મંસૂરીએ વિશેષ યોગદાન આપ્યું હતું.

# વિકએન્ડ માટે અલુવા હિલ્સ પછી ગિફ્ટ સિટી ક્લબ ગાંધીનગરની બ્યુરોક્રેસીમાં હોટ ફેવરીટ

ગાંધીનગરમાં બ્યુરોક્રેસી માટે પહેલાં એવું કહેવાતું હતું કે અલુવા હિલ્સ વિકએન્ડ ઈન્વેસ્ટમેન્ટનું એકમાત્ર સાધન છે. ઘણાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓએ અલુવા હિલ્સમાં ૨૦૦૦ થી ૫૦૦૦ ચોરસમીટરના પ્લોટ ખરીદીને તેમના વિકએન્ડ વિલા બનાવ્યા છે પરંતુ હવે આ ઓફિસરોની નજર ગાંધીનગર પાસે સાબરમતીની નદીની પેલે પાર ગિફ્ટ સિટી પર ઉતરી છે. ગિફ્ટ સિટીમાં અંદર એન્ટ્રી લેતાં જ કોઈ નવા ટેકનોસિટીમાં આવી ગયાનો આનંદ મળે છે. મલ્ટીસ્ટોરિયેડ બિલ્ડીંગની પથરાતી જતી ચાદર જોઈને એવું અનુમાન લગાવી શકાય છે કે ગાંધીનગર અને અમદાવાદની વચ્ચે અમેરિકાના કોઈ સિટી જેવું ટેકનોલોજી પ્રભાવિત સિટી ઝડપથી આકાર લઈ રહ્યું છે. પાંચ વર્ષ પછી લોકોની મહેચ્છા



હશે કે ગિફ્ટ સિટીમાં પણ આપણી એક ઓફિસ હોય.. આપણો પણ એક ફ્લેટ હોય... અત્યંત મોંઘાદાટ એપાર્ટમેન્ટની વચ્ચે પાંગરેલી ગિફ્ટ સિટી ક્લબ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની છે. આ ક્લબમાં અત્યાર સુધીમાં ૧૦૦૦ જેટલા મેમ્બર્સ થઈ ચૂક્યાં છે જેમાં સરકારના ઉચ્ચ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ ક્લબની મેમ્બરશીપ ફી પાંચ લાખ રૂપિયા છે પરંતુ આ કલ્બમાં એટલી અદભૂત અને ટેકનોલોજીથી ભરેલી એમિનિટીઝ છે કે કોઈપણ સમૃદ્ધ વ્યક્તિને ક્લબના મેમ્બર બનવાની લાલચ જાગી શકે છે. રાજ્યના કેટલાક આઈએએસ અને આઈપીએસ ઓફિસરો પણ આ લાલચ રોકી શક્યા નથી અને મેમ્બર બની ચૂક્યાં છે. સરકારના ઓફિસરોને વિકએન્ડ ગાળવાનું ઉત્તમ સ્થળ મળી ચૂક્યું છે તેથી જે ઓફિસરો મેમ્બર થયાં છે તેઓ અન્ય ઓફિસરોને પ્રભાવિત કરતાં એવું કહી રહ્યાં છે કે અલુવા હિલ્સ છોડો, ગિફ્ટ સિટીમાં આવો...

**● આમ આદમી પાર્ટીને કારણે ભાજપ-કોંગ્રેસ ભયમાં...**

ગુજરાતમાં કહેવાય છે કે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં અપવાદને બાદ કરતાં ત્રીજી પાર્ટી ક્યારેય ફાવી નથી. ઘણી પાર્ટીઓએ ગુજરાતમાં ડેરાતંબુ નાંખવાના પ્રયાસ કરી જોયાં પરંતુ ચીમનભાઈ પટેલ સિવાય કોઈ રાજકીય નેતાને સફળતા મળી નથી. નવી પાર્ટી બનાવીને શંકરસિંહ વાઘેલા, કેશુભાઈ પટેલ અને

## રાજ્યના ૨૦૨૧-૨૨ના વર્ષના ઓનલાઇન બજેટના આ છે ઘડવૈયાં, દિવસ રાત એક કર્યા છે

ગોરધન ઝડફિયા પણ ફેઈલ થઈ ગયા છે પરંતુ હવે સમય બદલાયો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ સુરત મહાનગરમાં પ્લેટફોર્મ બનાવીને ગાંધીનગર તરફ નજર દોડાવી છે. સ્થાનિક ચૂંટણીમાં એક સાથે ૨૭ બેઠકો મેળવીને આમ આદમી પાર્ટીએ રાજ્યમાં ત્રીજી રાજકીય શક્તિનો ઉદય કરીને સત્તાધારી ભાજપના પ્રદેશ નેતાઓની સાથે સાથે વિપક્ષ કોંગ્રેસના નેતાઓને પણ ભયમાં મૂકી દીધાં છે. સ્થાનિક ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ભાજપને તો નડી છે પરંતુ કોંગ્રેસના સૂપડાં પણ સાફ કર્યા છે. સુરતમાં વિપક્ષના સ્થાનને કબજે કરીને કોંગ્રેસને વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીમાં ચેલેન્જ આપી છે. બીજી તરફ આમ આદમી પાર્ટીની આઈડીયોલોજીથી ગુજરાતના મતદારો આકર્ષાઈ રહ્યાં છે. ખાસ કરીને છેલ્લા ૨૫ વર્ષથી રાજ્યમાં જે લોકોને ભાજપની સરકાર જોઈતી નથી તેઓ કોંગ્રેસને ધરાર પસંદ કરતા નથી પરંતુ આમ આદમી પાર્ટીમાં તેઓ ભાજપનો વિકલ્પ જોઈ રહ્યાં છે. ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપના કદાવર નેતાઓ સામે કોંગ્રેસના પ્રદેશ નેતાઓ વામણાં પુરવાર થવાના છે તે હકીકત છે પરંતુ આમ આદમી પાર્ટીનો ભય બન્ને પાર્ટીઓને સતાવી રહ્યો છે. ભાજપ કરતાં કોંગ્રેસના નેતાઓના પગ નીચેથી જમીન સરકી રહી છે. માત્ર ૨૭ ઉમેદવારોની જીતથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતના સુરતમાં રોડ શો કરીને વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવાનો ઈશારો આપી દીધો છે. આ રોડ-શો ના કારણે પ્રભાવિત થયેલા ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે કેજરીવાલની ટીકા કરીને પાણી પહેલાં પાળ બાંધી દીધી છે પરંતુ સુરતમાં વિપક્ષની ખુરશી છીનવાઈ ગઈ હોવા છતાં કોંગ્રેસની આંખ હજી સુધી ખુલી નથી.





**● બજેટ સત્ર સાથે બ્યુરોક્રેસીમાં ફેરબદલના સંકેત...**

સચિવાલય અને જિલ્લાના વહીવટી તંત્રમાં ફેરબદલનો સમય નજીક આવી રહ્યો છે. સચિવાલયના સૂત્રો કહી રહ્યાં છે કે લાંબા સમયથી વિલંબમાં પડેલી બદલીઓની મોસમ માર્ચ મહિનામાં આવી શકે છે. કોઈને કોઈ કારણોસર રાજ્યના સનદી

## ગુજરાતમાં ત્રીજી રાજકીય શક્તિનો ઉદય, સુરત પછી ગાંધીનગર તરફ કેજરીવાલની નજર

અધિકારીઓની બદલી રોકાયેલી પડી છે પરંતુ હવે બદલીવાંછુ ઓફિસરોની ઈન્તજારીનો અંત નજીક આવી રહ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સચિવાલયના વિવિધ વિભાગો, બોર્ડ-કોર્પોરેશનના વડા, જિલ્લા વહીવટી તંત્રના વડા અને રાજ્યની આઠ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરની ફેરબદલ કરવાનું મન બનાવી લીધું છે. કોરોના સંક્રમણ વચ્ચે એક વર્ષના વિલંબથી બદલીની પેન્ડીંગ ફાઈલમાં નામો ઉમેરાતાં જાય છે. આ લીસ્ટ હવે ૭૫ના આંકડાને પાર કરી જાય તેવી સંભાવના છે. અત્યાર સુધી સચિવાલયમાં અધિકારી વર્ગ એવું માનતો હતો કે ૨૮મી ફેબ્રુઆરીએ હાલના ચીફ સેક્રેટરી અનિલ મુકિમનું છ મહિનાનું એક્સટેન્શન પૂર્ણ થઈ ગયા પછી સચિવાલયના વિભાગોમાં બદલીઓ થશે પરંતુ અનિલ મુકિમને વધુ છ મહિનાનું એક્સટેન્શન મળી ચૂક્યું છે. એટલે કે હવે તેઓ ઓગષ્ટ ૨૦૨૧ સુધી આ પદ પર રહી શકશે. માર્ચમાં વિધાનસભાનું બજેટ સત્ર છે જે આખો મહિનો ચાલવાનું છે પરંતુ ભૂતકાળમાં પણ બજેટની માગણીઓ પૂર્ણ થતાં ચાલુ સત્રમાં ઓફિસરોની મોટાપાયે બદલીઓ થઈ છે તેવી રીતે માર્ચના હાલના બજેટ સત્ર દરમ્યાન સામૂહિક બદલીઓ થવાના ચાન્સ વધી રહ્યાં છે, કારણ કે સચિવાલયમાં હાલ એક ડઝન જેટલા ઓફિસરો બેવડા હોદ્દા ધરાવી રહ્યાં છે તેમને પણ વધારાના હવાલમાંથી મુક્ત કરવાના થાય છે.

**● ગુજરાતના બજેટમાં ૭૫ ઓફિસરોનું યોગદાન છે...**

ગુજરાત સરકારનું ૨૦૨૧-૨૨ના વર્ષનું સામાન્ય બજેટ તૈયાર થઈ રહ્યું છે. ત્રીજી માર્ચે જ્યારે વિધાનસભામાં આ બજેટ રજૂ થશે ત્યારે તે બજેટના ઘડવૈયાં કોણ છે તેની પર નજર નાંખવાની જરૂર છે. સૌ પ્રથમ નાણાં વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી પંકજ જોષી બજેટને આખરી ઓપ આપી નાયબ મુખ્યમંત્રી તેમજ નાણાંમંત્રી નીતિન પટેલ સમક્ષ મંજૂરી અને સુધારા-વધારા અર્થે રજૂ કરે છે. નાણાં વિભાગના બોટમ થી ટોચ સુધીના અધિકારીઓ દિવસ-રાત ઉજાગરા કરીને બજેટ તૈયાર કરતા હોય છે. રાજ્ય સરકારના ૨૭ વિભાગો, બોર્ડ-નિગમો તેમજ અર્ધ સરકારી સંસ્થાઓ સહિત સરકારની રાજ્યભરની કચેરીઓની નવી યોજનાઓ તેમજ વર્ષના ખર્ચના હિસાબો બજેટમાં મૂકવામાં આવતા હોય છે. આ બજેટમાં ઈકોનોમિક અફેર્સના સેક્રેટરી મિલિંગ તોરવણે, એસ્પેન્ડીચર સેક્રેટરી રૂપવંતસિંહ, બજેટના જોઈન્ટ સેક્રેટરી એસ છાકછુક ઉપરાંત ટેક્સના ડેપ્યુટી સેક્રેટરી દિલીપ ઠાકર સહિત ૩૦ ઓફિસરોનો સ્ટાફ મહેતન કરી રહ્યો છે. બજેટની તૈયારીમાં ચીફ કમિશનર ઓફ સેલ્સટેક્સ જેપી ગુપ્તા અને તેમની કચેરીના અન્ય ચાર અધિકારીઓ સીએન ભટ્ટ, એસએસ ઠાકરે, આરટી શાહ અને બીકે મહેતા પણ સહયોગ આપી રહ્યાં છે. સામાન્ય રીતે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં એડિશનલ ચીફ સેક્રેટરીના હાથ નીચે એક્સપેન્ડીચર સેક્રેટરી, ઈકોનોમિક અફેર્સ સેક્રેટરી અને બ્યુરો ઓફ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસના સેક્રેટરીનો સમાવેશ થાય છે. આ બજેટમાં રાજ્યના ચીફ સેક્રેટરી અનિલ મુકિમની પણ સલાહ લેવામાં આવી છે. બજેટ સરકારના ૨૮ વિભાગો માટેનું હોય છે એટલે વિભાગના વડા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ નાણા વિભાગને સહયોગ કરતા હોય છે. સરવાળે ૭૫ જેટલા અધિકારીઓ બજેટની કામગીરી સાથે જોડાયેલા હોય છે.

**● રાહત દરના પ્લોટ ત્રણ કરોડમાં વેચાઇ રહ્યાં છે...**

સરકારમાં રાહતદરે જમીનના પ્લોટ લઈને જે કર્મચારીઓ, અધિકારીઓ તેમજ પદાધિકારીઓ બજારભાવે વેચી નાંખે છે ત્યારે સરકારના નિયમોને આધિન પ્રિમિયમ વસૂલ કરવામાં આવતું હોય છે. ગાંધીનગરમાં રાહતદરે આપવામાં આવેલા પ્લોટના વેપારને અટકાવવા માટે સરકારે હવે ન્યાયાલયના આદેશને કારણે નવા પ્લોટ ફાળવવા પર પ્રતિબંધ મૂક્યા છે પરંતુ જે લોકોને પ્લોટ મળી ગયા છે તે પૈકી કેટલાક વયનિવૃત્તિ પછી વતનમાં જવાની ઈચ્છાના કારણે પ્લોટ વેચી રહ્યાં છે. થોડાં સમય પહેલાં એક સનદી અધિકારીએ તેમને મળેલો ૩૩૦નો પ્લોટ બજાર કિંમતે વેચી દીધો છે પરંતુ તેમણે સરકારમાં નિયમ મુજબ ભરવાના થતાં પ્રિમિયમની રકમ જમા કરાવી નથી. તેમણે માત્ર ૫૦ ટકા પ્રિમિયમ ભર્યું છે. કાયદાની છટકબારીનો લાભ લઈને આ અધિકારીએ સરકારને અંદાજે ૩૦ લાખનું નુકશાન કરાવ્યું છે. આવી જ રીતે એક પૂર્વ ધારાસભ્ય એ તેમને મળેલો ૩૩૦ ચોરસમીટરનો પ્લોટ ત્રણ કરોડમાં વેચવા કાઢ્યો છે, પરંતુ ૨૫ વર્ષ થયાં નહીં હોવાથી ૨૫ ટકા પ્રિમિયમની રકમ ભરવાની થાય છે તેથી તેમનો મોંઘો પ્લોટ વેચાતો નથી. જિલ્લા કલેક્ટરના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં ગાંધીનગરમાં ફાળવવામાં આવેલા પ્લોટ પૈકી ૩૫ ટકા પ્લોટ બજાર



ભાવે વેચી દેવામાં આવ્યા છે. આ પ્લોટ જ્યારે રાહત દરે આપવામાં આવ્યા હતા ત્યારે જે તે પ્લોટવાછુંક લોકોએ અઢી થી ત્રણ લાખ રૂપિયા ભર્યા હતા. સરકારે રાહત દરે આપેલા પ્લોટના વેચાણમાં માત્ર કર્મચારી કે સનદી અધિકારી સંકળાયેલા નથી પરંતુ તેમની સાથે ધારાસભ્ય, સંસદસભ્ય અને આઈપીએસ ઓફિસરો પણ સામેલ છે.

**● ગિફ્ટમાં જોબ નહીં હોય તેને પણ આવાસનો લાભ...**

ગાંધીનગર પાસે આવેલા ગિફ્ટ સિટીમાં પોપ્યુલેશન વધારવા માટે રાજ્ય સરકારે અને ગિફ્ટ સિટીના વહીવટી તંત્રએ રેસિડેન્શિયલ તેમજ કોમર્શિયલ સ્કીમોમાં નિયમ પરિવર્તન કર્યું છે જેનો લાભ કોઈપણ વ્યક્તિ કે પરિવારને મળશે. પહેલાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ગિફ્ટ સિટીમાં કામ કરતા કર્મચારી કે અધિકારીઓ રહી શકે તે માટે આવાસની યોજનાઓ શરૂ કરવામાં આવી હતી અને માત્ર તેમને જ વેચાણથી આપવાની થતી હતી પરંતુ હવે બદલાયેલા નિયમ પ્રમાણે આવાસની આ સ્કીમો ખુલ્લા બજારમાં વેચવાની છૂટ આપવામાં આવી છે. હાલ ગિફ્ટ સિટીમાં સાઉથના મોટા બિલ્ડરજૂથ શોભા ડેવલપર્સ, ગુજરાતના સંગાથ ઈન્ફ્રા તેમજ અમદાવાદના જાણીતા બિલ્ડરોની રેસિડેન્શિયલ તેમજ કોમર્શિયલ સ્કીમો મૂકવામાં આવી છે, જો કે આ બધી સ્કીમોમાં સરકારી જમીન ૯૯ વર્ષની લીઝ પર આપવામાં આવી છે. ગિફ્ટ સિટીમાં કોઈપણ નાગરિક એપાર્ટમેન્ટ લઈ શકે છે. આ બિલ્ડરજૂથોએ મૂકેલી બે થી ત્રણ બેડરૂમના ફ્લેટની કિંમત ૫૫ લાખથી શરૂ થાય છે અને એક કરોડ રૂપિયા સુધી છે. જેમાં વીજળી અને પાણી અને સુધરાઈ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જવાબદારી ગિફ્ટ સિટીનું સત્તાતંત્ર સંભાળવાનું છે. ગિફ્ટ સિટીનું પ્લાનિંગ ૮૮૬ એકર જમીનમાં ફેલાયેલું છે પરંતુ બિલ્ટઅપ એરિયા ૬૨ મિલિયન ચોરસફુટ મળે છે જેમાં ઓફિસ સ્પેસ, રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટ, સ્કૂલ્સ, હોસ્પિટલ્સ, હોટલ્સ, ક્લબ અને રિટેઈલ એન્ડ અન્ય રિક્રિયેશનલ ફેસેલિટીઝનો સમાવેશ થાય છે.

## ભારે વિલંબ પછી સચિવાલય અને જિલ્લા વહીવટી તંત્રમાં સામૂહિક ફેરફારો થવાની સંભાવના